સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ઈમરાન હવે ચીનની કુસંગે ચડી ગયા છે!
કારણ વિના એ બુઢ્ઢી તલવારે લડી રહ્યા છે !
રડી રહ્યા છે છૂપું કાશ્મીરના નામનું કોઠીમાં,
અને વિશ્વની નજરમાંથી સાવ પડી ગયા છે...

હાઈકુ

ચીનની ગોદ,
કરે છે ખણખોદ -
જશે નખ્ખોદ...

બનાવી નાખો -
'સુડતાલીસ' જેવો
અખંડ દેશ
(એક ધક્કા ઓર દો 'અખંડ ભારત' જોડ દો)

ચિંતન

આચક્ષ્વ શ્રુણુ વા તાત નાના શાસ્ત્રાણિ અનેકશઃ ।
તથાપિ ન તવ સ્વાસ્થ્યં સર્વવિસ્મરણાત્ ઋતે ॥

ઉપરોક્ત શ્લોક 'વિવેક ચૂડામણિ' ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

વત્સ, અનેક શાસ્ત્રોને તું અનેક વખત અનેક રીતે સાંભળે કે કહે, પણ એ બધું આખરે ભૂલ્યા વિના તને શાંતિરૂપી સ્વાસ્થ્ય નહીં મળે.

શાસ્ત્રો ખોટાં છે એમ નહીં, પણ એ જ માત્ર આખરી છે એવું નથી. શાસ્ત્રો પણ પરમતત્ત્વની અનુભૂતિ માટેનું એક માર્ગદર્શન માત્ર છે. શાસ્ત્રોને, એટલે કે શાસ્ત્ર વચનને જડતાપૂર્વક વળગીને બેસી રહેવાથી કાંઈ ન વળે.

શાસ્ત્રવચનને કે ગુરુવચનને સારાસારની વિવેકબુદ્ધિથી સમજવા જોઈએ.

શાસ્ત્રો-વેદો-પુરાણો-ઉપનિષદ વગેરે માત્ર પથદર્શક છે એ કંઈ શક્તિની દવા નથી કે પીવાથી તરત 'બળ' જાય છે. ગુરુ-શાસ્ત્રો સમજ આપે છે એ સમજ તમારા મન-ચિત્ત-હૃદય સુધી કેટલી પહોંચી અને એનું જીવનમાં કેટલું 'આચરણ' થયું એ જ માત્ર મહત્ત્વનું છે. નહીં તો કબાટમાં મગજમાં પડેલાં પોથાં 'થોથાં' માત્ર જ છે.

સુવિચાર

- આત્મજ્ઞાન એ આત્મવિશ્વાસ અને આત્વિકાસનો પાયો છે - **ફ્રાન્સની કહેવત**
- અમૂક પારકાં એવા મળ્યા જે પોતાના થઈ ગયા,
  અમૂક પોતાના એવા મળ્યા જે પારકાનો અર્થ સમજાવી ગયા - **એસ. ભટ્ટાચાર્ય**
- સંસાર છોડાવે તે ગુરુ નહીં સંસારનો સાર સમજાવી દે તે ગુરુ - **મોરારિ બાપુ**
- નિર્ભયતા એ અધ્યાત્મયાત્રીનું પહેલું લક્ષણ છે - **સાધુ કૃષ્ણપ્રિયદાસજી**
- કોઈ ફરક નથી પડતો તમે હરણ છો કે સિંહ છો,
  પણ જયારે સૂર્ય ઊગે છે ત્યારે દોડવાનું શરુ કરી દો - **આફ્રિકન કહેવત**
- કીડી તે જ ભલી જેને પાંખ ન હોય - **જીવનપાથેય**
- આજનું ઔષધ : કોઈ પણ ચામડીના રોગમાં કેળા સાથે આમળાના રસ ભેળવીને લેવાથી રક્ત શુદ્ધ બનતા રાહત થાય છે

(સંકલન : દિપક વી આશરા)

બોધકથા

ઈરાનનો બાદશાહ તેટમૂરસ્યનો ન્યાય ખૂબ પ્રખ્યાત હતો. તે કયારેય કોઈને અન્યાય કરતો નહીં. એકવાર તેના દરબારમાં એક ગુનેગારને રજૂ કરવામાં આવ્યો. બાદશાહે તેનો ઈન્સાફ કરવા સવાલ કર્યા. સાક્ષીઓની ગવાહી પછી બાદશાહને ખાતરી થઈ ગઈ કે માણસ ગુનેગાર છે. બાદશાહે તેને ચાર રસ્તા પર ગુનેગારને સો ફટકા મારવાની કડક સજા કરી. પેલો ગુનેગાર ખૂબ ગુસ્સે થઈ ગયો. તે બાદશાહની સામે જોઈને થૂંક્યો અને ભૂંડી ગાળો આપી. આખા દરબારમાં હો - હા થઈ ગઈ. આ તુમાખીખોર ગુનેગારને હવે બાદશાહ શું સજા કરશે તે જાણવા સૌ દરબારીઓ આતુર હતા. મંત્રીએ બાદશાહને કહ્યું, 'આ માણસને ફાંસીની સજા આપો.' દરબારમાં સોપો પડી ગયો. મંત્રીએ કહ્યું, 'આમ કેમ?' બાદશાહે પોતાની આવા વિચિત્ર નિર્ણયનું કારણ જણાવતા કહ્યું, 'તેણે મને ગાળ આપી. અપમાન કર્યું.' મારો ગુસ્સો વધાર્યો. માટે જો હું એ વખતે એને વધારે શિક્ષા ફટકારું તો એ મારા અપમાનનો બદલો જ લીધો ગણાત. પણ એથી ન્યાયનો હેતુ ના સર્યો હોત. કોઈ મને ગુસ્સે કરે અને એ ગુસ્સાથી પ્રેરિત થઈ હું તેને વધારે સજા કરું એ મારી ન્યાયપ્રિયતાને મંજૂર નથી.' દરબારીઓએ ઊભા થઈ બાદશાહને સલા કરી જયજયકાર કર્યો. કોઈ આપણને ગુસ્સે કરવા મથે તેની સામે વધારે ગુસ્સો કરવા કરતાં ઉદાર બનવામાં માણસાઈ છે.

વિદેશની ધરતી પર દેશભક્તિનો માહોલ

તંત્રીસ્થાનેથી...

તાજેતરમાં બનેલી બે ઘટનાઓ આપણને આઝાદીના ચળવળ વખતે દેશ-વિદેશમાં ભારત માટે ઝઝૂમતા સ્વાતંત્ર્ય સેનાનીઓના ઝનૂન અને દેશભક્તિની યાદ અપાવે તે બરની છે. તે સમયે ઘરબાર છોડીને ગાંધીજીની એક હાકલ પર યુવાન વયનાં હિંદુસ્તાનીઓ મુશ્કેલીઓની પરવા કર્યા વગર ફના થઈ જવાની તૈયારી સાથે મેદાને જંગમાં કૂદી પડતાં હતા. યુવકોની જેમ યુવતીઓ પણ એ જંગમાં કેડ બાંધીને સામેલ થઈ હતી. ગાંધીજીને બેતાલીસની આઠમી ઓગસ્ટે ધરપકડ કરી જેલમાં પૂરી દેવાયા ત્યારે એમનો 'ભારત છોડો' કાર્યક્રમ વધુ આન અને શાન સાથે આગળ ધપાવી મુંબીના ગોવાલિયા ટેન્ક ખાતે છડેચોક ઝંડો ફરકાવનાર એક મહિલા જ હતી. રાજકુમારી અમૃતકૌર, મીઠુબાઈ પીટીટ અને મેડમ ભીખાઈજી કામા જેવી મહિલાઓએ માથે કફન બાંધીને દેશની આઝાદીની ચળવળમાં ઝુકાવ્યું હતું. ગાંધીજી સાથે અહિંસક માર્ગે આઝાદી મેળવવા બાબતે મતભેદ પડતાં સુભાષચંદ્ર બોઝ દ્વારા સ્થાપિત આઝાદ હિંદ સેનાનું નેતૃત્વ કરવા માટે પણ લક્ષ્મી જેવી એક મહિલાની પસંદગી કરાઈ હતી. આઝાદીના ચળવળમાં મોતીલાલ નહેરુ જેવા સંભ્રાંત અને સંપન્ન સદ્‌ગૃહસ્થના ઘરની મહિલાઓ - વિજયાલક્ષ્મી પંડિત અને ઈંદિરા પ્રિયદર્શીની પણ મેદાનમાં ઊતરી પડી હતી અને જેલયાતનાઓ ભોગવવા હરખભેર તૈયાર થઈ હતી. આજે આઝાદીનાં બોત્તેર વરસ બાદ કાશ્મીરના ભારત સાથેના જોડાણની મોદી ફોર્મ્યુલાના વિરોધમાં દેશવિદેશમાં પાકિસ્તાન વિરોધવંટોળ ઊભા કરવાની કોશિશ કરી રહ્યું છે ત્યારે એવી બે ઘટનાઓ ચર્ચામાં છે જયાં ભારતીય મહિલાઓ જોખમ ખેડીને દેશના સમર્થનમાં ખુલ્લેઆમ બહાર આવી છે. લંડન ખાતે ભારતીય હાઈકમિશનની બહાર પંદરમી ઓગસ્ટે ભારત વિરોધી દેખાવો યોજી રહેલા પાક સમર્થકોની પ્રવૃત્તિનું કવરેજ કરવા ગયેલી પત્રકાર પૂનમ જોશીએ એ લોકો દ્વારા જયારે ભારતનો રાષ્ટ્રધ્વજ સળગાવવાનો પ્રયાસ કરાયો ત્યારે વચ્ચે કૂદી પડી તિરંગો તેમના હાથમાંથી છીનવી લઈ એને બચાવી લીધો હતો. આ તત્કાલ બુદ્ધિ કયાંથી આવે છે? એક મહિલા પત્રકાર જેના લોહીમાં ભારત ભળેલું છે તે પોતાની માતૃભૂમિનું અપમાન કરનારા પાક સમર્થકો પાસેથી તિરંગો છીનવી શકી. એ ઘટના દુનિયાભરમાં વાઈરલ થઈ પરંતુ પૂનમ જોશી તો ફેસબુક પર આટલું લઈને અટકી ગઈ. મને અંદાજ નહોતો કે દેશના સન્માન માટે મારી મામૂલી ચેષ્ટાથી હું ટ્વિટર પર ટ્રેન્ડ થવા લાગીશ.' આવી જ ઘટના દક્ષિણ કોરિયાના પાટનગર સિઓલ ખાતે બની. સાજિયા ઈલ્મી જાણીતાં લોકનેતા છે. તેઓએ પાક સમર્થકો દ્વારા ભારત વિરોધી સૂત્રો પોકારાતાં સાંભળ્યાં ત્યારે એમની દેશભક્તિ કોળી ઊઠી અને એમણે ભારત ઝિંદાબાદનો સૂત્રોચ્ચાર કરી વળતો જવાબ આપ્યો. દેશ માટેની આ ભાવના જ દેશના ઊજળા ભાવિના સંકેત છે. દેશનું માતૃત્વ દેશની ગરિમા માટે મેદાનમાં ઊતરી પડે ત્યારે દુનિયાની કોઈ તાકાત એને હરાવી શકે નહીં. એમાં ધર્મ, જાતિ કે લિંગભેગ પણ વચ્ચે ન આવી શકે.

માનવતાના મંદિરમાં માનવની પૂજા થાય ત્યારે માનવધર્મના અજવાળાં રેલાય

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'મને વચન આપ દીકરા, કે તું હયાત હો ત્યાં સુધી ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ તું 'દામાણીસ' પર ધ્વજવંદન કરીશ અને રોજ રાષ્ટ્રગીત વગાડીને કામની શરુઆત કરીશ.'

અઠ્ઠસી વર્ષના ચુસ્ત જૈન ધર્મપાળનારા માતા કમુબાએ દીકરા અશોકને ૨૦૦૬ના વર્ષમાં કહ્યું હતું અને ત્યારથી લઈને વર્તમાન સમયમાં - ૨૦૧૯ ઓગસ્ટ - ૧૫ સુધી આ વચન દીકરાએ સાતત્યપૂર્ણ રીતે પાળ્યું છે.

સરકાર - જાહેર સંસ્થાઓ - શાળાઓ - કલબો - સેવા સંસ્થાઓ કે કોર્પોરેટ સંસ્થાઓ રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી કરે જ છે, પરંતુ આ તો અમદાવાદ શહેરના એક વકીલની ઓફિસની વાત જે, પ્રત્યેક ભારતીયના લોહીમાં રાષ્ટ્રભક્તિ વહે છે, રાષ્ટ્રભક્તિથી એ પુલકિત છે એની પ્રતીતિ કરાવે છે.

અશોક દામાણીના દાદા હીરાભગત પહેરવેશથી લઈને જીવન આચરણમાં નખશીખ ગાંધીવાંદી. મૂળવતન ભાવનગર જિલ્લાનું સોનગઢ ગામ. એમના પિતા આઝાદીના લડતના સમયે જેલવાસ ભોગવેલો.

૨૦૦૬ના વર્ષમાં અશોકભાઈએ પોતાની ઓફિસ 'દામાણીસ' નો શુભારંભ માના કમુબાના હસ્તે તેમના જ સ્વરમાં માંગલિક સાથે કરાવ્યો. એક મહિનામાં સ્વાતંત્ર્ય દિન ૧૫ ઓગસ્ટ આવ્યો. માએ દીકરાને દીકરાને કહ્યું, 'બેટા, સ્વાતંત્ર્ય દિને ધ્વજવંદન તો કરીશું ને !! થોડા મિત્રો ભેગા થયા, માથે સાડીનો છેડો ઓઢીને માએ ધ્વજ વંદન કર્યું. મા એ દીકરાનો હાથ ઝાલીને કહ્યું, 'તારા બાપુ અને તારા દાદા ગાંધી રંગે રંગાયેલા હતા, આપણા ગામના પ્રથમ ધ્વજ વંદનમાં હું હાજર હતી એ દિવસો મને યાદ આવી ગયા...!! ને પછી એમણે લેખના આરંભે લખેલી વાત દીકરાને જણાવી.'

એ દિવસથી ઑફિસના રોજિંદા કામનો આરંભ રાષ્ટ્રગીતની પ્રાર્થનાથી જ થાય છે. અશોકભાઈએ પોતાના શુભ વિચારોને સાકાર કરવા 'જાગૃતજન' નામે ટ્રસ્ટનો આરંભ કર્યો.... રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી - શાળાઓમાં વિવિધ કાર્યક્રમો અને પ્રવચનો - વિવિધ સમાજ ઉપયોગી અભિયાનો - સ્પર્ધાઓ - સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાતા ગયા. વર્ષ ૨૦૧૨થી ૧૨૦૦ - ૧૫૦૦ લોકોની હાજરીમાં હોલમાં યોજાતો થયો, સ્વાતંત્ર્ય પર્વનો કાર્યક્રમ.

ડૉ. સુમંત શાહના સુચનથી ૨૦૧૨ના વર્ષથી સમાજના અલગ અલગ ક્ષેત્રોમાં સઘળું દાવ પર લગાવીને, એકનિષ્ઠાથી કાર્ય કરી રહેલા સમાજ સેવકોને જાગૃત જન એવોર્ડ આપવા નક્કી કરાયું. મહિલા જાગૃતિ - ગ્રામ્ય વિકાસય, આરોગ્ય - કુષ્ઠરોગ નિવારણ, આદિવાસી વિકાસ - બાળકોમાં શિક્ષણ પ્રસાર - વ્યસનમુક્તિ - કૃષિ - પર્યાવરણ - દિવ્યાંગો માટે કાર્ય - સ્વરોજગારી - રમતગમત જેવા અનેક ક્ષેત્રોમાં કામ કરનારાઓને જાગૃત જન એવોર્ડ અપાય છે, જેમાં રૂા. ૫૧ હજાર, સન્માનપત્ર અને શાલ અર્પણ કરી એમના કાર્યને બિરદાવવામાં આવે છે.

'જન જાગે, જગ જાગે' લૂત્ર અંતર્ગત માણસના રોજિંદા જનજીવનના પ્રશ્નો જેમ કે, ટ્રાફિક સમસ્યા, પર્યાવરણ જાળવણી, જરૂરિયાતમંદોને આર્થિક કે અન્ય સહાય, શિક્ષણ સહાય, પાણીની બચત, ઉર્જા બચત, સ્વચ્છતા અભિયાન, રાષ્ટ્રીય સદભાવનાનો પ્રસાર જેવા પર કામ થઈ રહ્યું છે. આ બધામાં મહત્ત્વ એ વાતનું છે કે તેમાં સરકારી અનુદાન લેવા, રાજકીય વ્યક્તિને સામેલ કરવા, સ્વાર્થ વશ કાર્યો કરવા, અને કોમર્શિયલ સ્વરુપ આપવા પર સંપૂર્ણપણે નિષેધ મુકાયો છે. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, પદ્મશ્રી બાલકૃષ્ણ દોશી, હેમેન્દ્ર ગાંધી, શ્રીકાન્ત દામાણી, ડૉ. સુમન્ત શાહ, ડૉ. ધીરેન જોશી, જેવા અનેક સ્વજનોનો સહયોગ સાંપડી રહ્યો છે. જાગૃત જન ટ્રસ્ટની કામગીરીને.

ટ્રસ્ટના કીરાટ દામાણી કહે છે કે 'એક પહોંચતો પામતો માણસ બીજા, માત્ર એક માણસને પણ હૈયુ - હાથ કે હૂંફ આપીને, એના જીવનને આગળ વધારવામાં નિમિત બને તો સમાજ જીવનનું દૃશ્ય અનેકગણું ઉજળું થઈ જશે.' વાત પણ સાચી છે... આપણી પાસે જે કાંઈ છે એ બીજાને આપીને આપવાનો આનંદ પ્રાપ્ત કરનાર હંમેશા સુખી થાય છે. પ્રસન્ન રહે છે એ અનુભૂતિ બધાને કયારેક તો થઈ જ હશે.

જાગૃત થવું એટલે શરીરનું માત્ર ઊંઘમાંથી ઊઠવું એમ નહિ, પરંતુ મનને - હૃદયને સંવેદનાથી જાગૃત કરવું, પરદુઃખે દુઃખી થવું, કોઈની અસહાયતામાં એનું સન્માન જળવાય, એમ એની પડખે ઉભા રહેવું, માત્ર અધિકારોની જ વાત કરવી એમ નહીં, બલકે જવાબદારીઓનું વહન કરવું, પોતાના જ સ્વાર્થનું નહિ પરંતુ સર્વના હિતનું વિચારવું અને એ પ્રમાણે વર્તવું, નાગરિક ધર્મ નાની નાની બાબતોમાં સાચવવો અને યોગ્ય વિવેક સાથે સામાજિક જવાબદારીને અનુસરવું, સંપ્રદાય કે ધર્મ ભલે સ્વયં ગમે તે મુજબ અનુસરીએ પરંતુ માનવ ધર્મ કયારેય મુકીએ નહીં... આવું જયારે થાય ત્યારે પ્રત્યેક જન જન જાગૃત બને ત્યારે શુભ વિચારોની અને શુભ આચારોની એક માનવ સાંકળ આપોઆપ રચાય છે. માનવ ધર્મ માટે આપોઆપ સહજિકપણે સહુ ભેળા થાય છે... માનવતાના મંદિરમાં માનવની પૂજા થાય છે અને જાગૃતિના - માનવધર્મના અજવાળાં રેલાય છે.

રણમાં ફર્યા કરવાનું પરિણામ જાઈ લ્યો.. આખર પડી ગયા અમે મૃગજળના પ્યારમાં...!

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

એક દિવસ ચુપચાપ હો જાગેયા અન્ત
વૈસે હી જૈસે
સિનેમાઘર મેં દેર તક બૈઠને કે બાદ
જબ તુમ બાહર નીકલતે હો
તો મૌસમ અક્સર બદલ ગયા હોતા હૈ,
તુમ્હે દુઃખ નહીં હોગા
તુમને સુખ કા એક નીચલા સ્તર
સ્વીકાર કર લીયા હોગા તબ તક
ઔર તુમ્હારી ચીખ
જિન્દગી કે લીયે નહીં,
ચીજા કે લીયે હો જાયેગી
હો સકતા હૈ, તબ વસન્ત હો
પર દૈનિક એકરસતાને તુમ્હેં
ઈતના સાહસી બના દિયા હોગા
કિ જહાં ફુલો કે અનગિન અગ્નિવન હોંગે
વહાં ભી તુમ કુછ નહીં દેખ સકોગે.
કોઈ અન્તર નહીં રહ જાયેગા
ગર્મિયો મેં તપતી ધૂપ
ઔર તુમ્હારે પુરાને સ્વપ્નો મેં
તુમ્હે દોનો સે પરેશાની હોગી
તુમ્હારે પાસ કોઈ ભાષા નહીં હોગી
શબ્દો કી એક નિષ્કરુણ પરંપરા રહ જાયેગી
ઔર ભવિષ્ય, એક ભૂલે હુએ વિદેશી વ્યાકરણ કી તરહ
હો સકતા હૈ, ઈતના સન્તોષ તુમ્હો હો
કિ અન્ત કે બાદ ભી
તુમ બચ રહે હો

- અશોક વાજપેયી

આ કવિતા બે વાર વાંચીને પછી આગળ વધવા જેવું છે. કવિતાના શબ્દો આલંકરિક કે સાહિત્યીક હશે પરંતુ તેનો ભાવ બિલકુલ સ્પષ્ટ છે.

આપણે સુખ અને દુઃખની વ્યાખ્યા શી કરીએ છીએ ? ઘરમાં એ.સી. હોય એ સુખ છે... પણ આંગણામાં લીમડાની નીચે ખાટલો ઢાળીને નિરાંતે બેસવું અને લીમડાની કુદરતી ઠંડક માણવાને આપણે સુખ નથી ગણતા...

ઑફિસ રિલેશન મેઈન્ટેન કરવા માટે અથવા બિઝનેસ વધારવા માટે તાજ હોટલમાં ડિનર કરવું, દેખીતી રીતે જ અજાણ્યા લોકો જોડે પ્લાસ્ટીકીયા સ્માઈલ સાથે સેન્ટ્રલી એ.સી. રેસ્ટોરન્ટમાં કોન્ટિનેન્ટલ ખાવું સુખ છે...

પરંતુ સાંજે પરિવાર સાથે બેસીને ભાખરી શાક ને દૂધનું સાદુ ભોજન લેતા લેતા બાળકો સાથે મજાક - મસ્તી કરતા કરતા સાત્વિક ભોજન લેવાની ક્ષણોને આપણે સુખ માનીએ છીએ ખરા !

હમણાં જ એક મિત્ર સાથે ચર્ચા કરતા જાણવા મળ્યું કે, દુનિયાના માંડ - પાંચથી દસ ટકા લોકો એવા છે કે જે દુનિયા ચલાવે છે... મલ્ટી બિલિયોનર અબજો-પતિ, ખર્વો પતિ લોકોની આ જે મંડળી છે તે ઈલાઈટ (Elite) લોકો તરીકે ઓળખાય છે.... આ ઈલાઈટ લોકોએ વિચાર્યું કે જો હંમેશા આપણે બાકીના આ ૯૦ ટકા લોકો ઉપર રાજ કરવું હશે... અને આપણું આ સ્થાન, આપણી સર્વોપરિતા જાળવી રાખવી હશે તો આ બીજા ૯૦ ટકા લોકોને એવા રવાડે ચડાવી દો કે તેઓ આપણી કક્ષા સુધી પહોંચવાનો વિચાર કરવાનો સમય જ ન કાઢી શકે...

આપણે બધા એવી રેટ રેસના હિસ્સા બની ગયા છીએ કે જેની કોઈ ફિનીશીંગ લાઈન જ નથી... જેવું આપણને લાગે કે હવે આ સામે જ લાલ રિબન આવી ગઈ અને હવે રેસ પૂરી થવામાં જ છે, જીત હાથવેંત છેટી છે... ત્યાં જ ફિનીશીંગ લાઈન વધારી દેવામાં આવે છે, મૃગજળની પાછળ દોડતા આપણે લક્ષ્ય વગરની ઘેટા ચાલમાં ઘસડાતા રહીએ છીએ...

અને જાવાની ખૂબી એ છે કે આપણે આ સિસ્ટમથી એટલા Used to થઈ ગયા છી કે... આપણને મળતા દુઃખ, યાતના, અત્યાચાર, નિરાશા, અન્યાયને આપણે સુખના બાહ્ય રેપરમાં પેક કરીને આવતી ગીફ્ટ સમજી લઈએ છીએ...

આપણે સુખનું એવું નીચલું સ્તર સ્વીકારી લીધું છે કે કયારેય દુઃખ જ ન થાય... આપણી દોટ જીવન માટે Quality of Life માટે નહીં પરંતુ વસ્તુઓ માટે થઈ ગઈ છે.

આપણે એવી મોનોટોનસ લાઈફના ચક્કરમાં ફસાઈ ચૂક્યા છીએ કે, સાચા સુખની સાત્વિક અને તાત્વિક વ્યાખ્યા ફગાવી દઈને કાલ્પનિક મૃગજળ જેવા દુઃખરૂપી સુખને અપનાવી લીધું છે...

અગાઉ કહ્યું તેમ બીજી શેરીમાં રહેતા મિત્ર કે સંબંધીને ઘરે જઈને મળીને ચા-પાણી કરવા કરતા G-Talk પર કે Whats up પર ચેટીંગ કરવામાં વધુ સોફિસ્ટીકેટેડ ગણીએ છીએ...

આ ઉનાળામાં આંબાના ઝાડ પરથી આવતા કોયલના ટહૂકાનો કે બપૈયાના કલવરનો આનંદ વિનામૂલ્યે અમૂલ્ય મળે છે.. પણ આપણે મોબાઈલમાં નવી નવી રીંગટોન ડાઉનલોડ કરીને શેખી મારવામાં વધુ આનંદ મેળવીએ છીએ...

બીજા દ્વારા કરેલા ફોરવર્ડેડ મેસેજને સવાર સવારમાં Good Morning ની ટેગ લાઈન સાથે મોબાઈલમાં Send to Many ઓપ્શનમાં જઈને બધાને બલ્ક મેસેજ મોકલી શિષ્ટાચાર પૂરો કરવાનો આનંદ ઉઠાવતા આપણે પોતીકી અભિવ્યક્તિ વ્યક્ત કરવાનું વિસરી ચૂક્યા છીએ...

કવિ કવિતાના અંતમાં ગેઈલ જેવી ટાવરીંગ સિક્સ મારતા કહે છે કે આપણે બધા બેજોડ છીએ કે આપણને એટલો સંતોષ છે કે આપણો જે આ અંતરનો અંત આવી ગયો હોવા છતાં આપણે બચી ગયા છીએ...

સુખ મળ્યાની ભ્રાંતિમાં જીવતા આપણે સાચા સુખને, નિર્મળ આનંદને તો કયાંય છેટે મૂકી આવ્યા છીએ...

આપણને અત્યારે જે મળ્યું છે એ સુખ નથી... એ તો એક છેતરામણો હથેળીનો ચાંદ છે... આપણી માંહે જે અંતરાત્માના પોકારનો ડામી દઈને સાત્વિક જીવનનો આનંદ નહીં પણ વસ્તુઓ પાછળ દોટ લગાવનારા આપણે જયારે બે મિનિટનો સ્ટ્રેટેજીક બ્રેક લઈને વિચારશું તો ધ્યાનમાં આવશે કે સુખ મેળવવા માટે કયાંક દોડવાની જરૂર નથી... બસ અંદર જ ડૂબકી લગાવવાની છે.

(શીર્ષક પંક્તિ વોટ્સએપ પર આવેલ છે... પંક્તિના કર્તા કોઈ સુજ્ઞ વાચક જાણતા હોય તો જણાવશો.)

- jayuoza@gmail.com, Mo.9898046488

સાંસ્કૃતિક અને વૈચારિક વિશ્વથી નગરની પહેચાન બનતી હોય છે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

કોઈપણ નગરની ઐતિહાસિક, સાંસ્કૃતિક અને વૈચારિક ધરી હોય છે. આ ત્રણ પરિમાણો વગર નગરની છબી ધુંધળી લાગે. માણસોથી નગરની ઓળખ બનતી હોય છે. વૈચારિક ધરોહર વગર નગર બિહામણું લાગે. ૭૦ના દાયકામાં રાજ્યનું પાટનગર ગાંધીનગર જયારે બન્યું ત્યારે આ નગર જંગલ શહેર અને આંધીઓનું નગર ભાસતું હતું. ધીમે ધીમે સરકારના કર્મયોગીઓ વસવા આવવા લાગ્યા. ગાંધીનગર માણસોથી ભરાવા લાગ્યું. માનવ વસાહતો તો ઊભી થઈ પણ એમાં સાંસ્કૃતિક અને વૈચારિક વસાહતોના નિર્માણની તાતી જરૂર હતી.

ગાંધીનગર શહેરને સાંસ્કૃતિક ઓળખ આપવા માટે નગરના

કેટલાક મિત્રો મન દઈને મેદાને પડ્યા. જેના પાયામાં સંસ્કૃતિ, કલરવ, થનગનાટ, શિરંજની, કલાગુર્જરી, સુરમધુર, જ્યોતિ મહિલા મંડળ જેવી સંસ્થાના મિત્રોની મહેનત છે. પણ આજે વાત કરવી છે, કલ્ચરલ ફોરમની. કૃષ્ણકાંત જહા અને એમના તરવરીયા મિત્રો સ્વર્ગસ્થ જ્યોતિંદ્રભાઈ વ્યાસ, પ્રકાશભાઈ લાલા, મહેન્દ્રભાઈ ગજ્જર, હિરેન ભટ્ટ વગેરે ભેગા મળી અઢી દાયકા પહેલાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ શરૂ કરી. પરિણામ સ્વરૂપે 'કલ્ચરલ ફોરમ' જેવી સંસ્થાએ આકાર લીધો. સંસ્થામાં હજારો પરિવાર જોડાયા. એક પછી એક સંસ્કારી અને શિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમો ગાંધીનગરમાં લોકોના મનહૃદયને પુલકીત કરવા લાગ્યા. સાંસ્કૃતિક કાર્યક્રમો પણ એવા કે આખું પરિવાર સાથે બેસીને મનભરીને માણી શકે. એ પછી નાટક હોય કે ડાયરો, નવરાત્રી હોય કે જન્માષ્ટમી, ગીત સંગીત હોય કે મુશાયરો કલ્ચરલ ફોરમના દરેક કાર્યક્રમની આગવી ગરીમા અને રૂતબો હોય.

આજકાલ કરતાં કલ્ચરલ ફોરમને ૨૫ વર્ષ થઈ ગયા. આ ૨૫ વર્ષોમાં અઢળક કાર્યક્રમો યોજી નગરજનોના હૃદયમાં કૃષ્ણકાંતભાઈ અને એમની ટીમે અનન્ય સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. લોકો વિશ્વાસપૂર્વક કહે છે કે કલ્ચરલ ફોરમનો કાર્યક્રમ છે ને તો એ સંસ્કારપૂર્ણ અને ગરીમાપૂર્ણ જ હોય.

છેલ્લા કેટલાક વર્ષોથી આ સંસ્થાએ સાંસ્કૃતિક ચેતનાની સાથે સાથે નગરના વૈચારિક વિશ્વને નવો ઉઘાડ આપવાનું અદભુત કામ ઉપાડ્યું છે. મોરારિબાપુથી માંડીને બ્રહ્મવિહારી સ્વામી, જય વસાવડા, કાજલ ઓઝા વૈદ્ય, વસંતદાન ગઢવી, ભીખુદાન ગઢવી, સાંઈરામ દવે વગેરે જેવા લેખકો અને વિચારકોના વક્તવ્યોની સીરીઝ યોજી કલ્ચરલ ફોરમે ગાંધીનગરમાં વિચાર વલોણું ફેરવ્યું છે.

સંસ્થાની રજત જયંતિ નિમિત્તે જાણીતા ચિંતકોનો વિચાર વૈભવ ગત સપ્તાહમાં બે દિવસ ચાલ્યો. કુદરતનું કરવું અને આ વિચાર વૈભવના ફોરાની સાથે એ બે દિવસ ગાંધીનગરમાં ક્યારેક રીમઝીમ તો ક્યારેક મુશળધાર વરસાદી માહોલ સતત જામ્યો હતો. માટીની ભીની ભીની સુવાસ સાથે વક્તાઓના વક્તવ્યનું સામંજસ્ય મન-હૃદયને તરબતર કરતું રહ્યું.

વિચારકો, ચિંતકો, લેખકોના બે દિવસના ધોધમાર વિચારોમાં કેન્દ્રસ્થાને 'પ્રસન્નતા' હતી. જીવનને કેવી રીતે વધુ જીવવા જેવું બનાવી શકાય ? પ્રસન્નતાના માર્ગો કયા અને ક્યાં છે ? એ કેવી રીતે મળે ? આ ચિંતન અને મનનની રીતસર દરીયો ભરીને લોકોએ મોજ કરી.

ગુજરાતી સાહિત્યના ઘણા ચિંતકો લેખકોએ પ્રસન્નતાના વિષય ઉપર વાતો કરી. એમાં એક વકતા નગરના ભાગ્યનું ઈશ એવા ભાગ્યેશભાઈ જહા પણ હતા. બધા જ વકતાઓએ પ્રસન્નતાના વિષયને એટલો સરસ ન્યાય આપ્યો છે કે, દરેકના વિચારોને વણી લેતા એક એક લેખની મઝાની લેખમાળા તૈયાર થઈ શકે. ભાગ્યેશભાઈએ પ્રસન્નતા ઉપરની વિચાર કણીકાઓને સરસ રીતે સાંકળીને પ્રસ્તુત કરી. નિવૃત્ત સનદી અધિકારી, કવિ, નિબંધકાર, પ્રખર વકતા, વાચક અને વિચારક ભાગ્યેશભાઈને સરસ્વતી માતાના આશીર્વાદ છે. ભગવત ગીતા, વેદ, ઉપનિષદને એમણે ન માત્ર વાંચ્યા છે બલ્કે પચાવ્યા છે. જે. કૃષ્ણમુર્તિથી માંડીને ઓશો, સ્વામી વિવેકાનંદજીથી લઈને ટોલ્સટોય, કવિવર રવીન્દ્રનાથથી માંડીને મેઘાણી, મુનશી, નર્મદને એમણે વાંચ્યા છે. મુંબઈ, સુરત, વડોદરાથી માંડીને અમેરિકા અને લંડનમાં એમણે અલગ અલગ વિષયો ઉપર મનનીય વક્તવ્યો આપ્યા છે. સંસ્કૃત ભાષા ઉપર એમની જબરી પક્કડ છે. એમણે નાટકોમાં અભિનય પણ કર્યો છે.

ભાગ્યેશભાઈએ પ્રસન્નતાના પાયામાં વ્યસ્તતાને મહત્ત્વ આપ્યું. જે વ્યસ્ત હોય એ જ સદાય મસ્ત રહી શકે અને જે અસ્તવ્યસ્ત હોય એ સ્વયં તો ત્રસ્ત હોય જ સાથે સાથે બીજાને પણ ત્રસ્ત કરી મુકે. એમણે ટીકાના ટકોરાઓને ખાળવા સરસ સૂત્ર આપ્યું કે 'જે પ્રસંશાને ઓળખી શકે એ જ ટીકાને ઓળંગી શકે.' ભાગ્યેશભાઈ પાસઠેક વર્ષના યુવાન છે. એમની તાજગી અને હાસ્યની ઉષ્મા ૨૫ વર્ષના યુવાનને શરમાવે એવી છે. એમના ઉપર જાણીતા ગુજરાતી લેખક ચિંતક સ્વ. વિનોદભાઈ ભટ્ટનો ખાસ્સો પ્રભાવ છે. એમના વક્તવ્યમાં વિનોદભાઈનો ઉલ્લેખ અવશ્ય સાંભળવા મળે જ મળે. ભાગ્યેશભાઈ વ્યસ્ત એ જ મસ્તની પરિભાષા ખોલતા જતા હતા ત્યારે મારા માનસપટ ઉપર જાણીતા અમેરિકન ચિંતક અને લેખક ઓ હેન્રી 'બેક ઑફ ધ માઈન્ડ' ખુલતા જતા હતા. ઓ હેન્રી એમની નવલિકાઓ માટે જગમશહુર છે. એમની લેખન શૈલી સરળ, મર્મસ્પર્શી અને સચોટ. એમની વાર્તાઓનો અંત સદાય અણધાર્યો અને આકસ્મિક હોય. 'ધ ગીફ્ટ ઓફ ધ માગી' હોય કે 'ધ સ્કાયલાઈટ રૂમ' હોય, 'ધ કોપ એન્ડ ધ એન્થમ' હોય કે પછી 'આફટર ટ્વેન્ટી યર્